# ગાંધીનગરનો ચૂંટણી ઢંઢેરો

## ગુજરાતનું પાટનગર હોવા છતાં સતત ઓરમાયું વર્તન સહન કરતા ગાંધીનગરના વસાહતીઓની ઉમેદવારો પાસે કેટલીક ખાસ અપેક્ષાઓ છે...



(તસવીર : કશ્યપ નિમાવત)

વજન કાંટો - બદલાતા સમયમાં વધતું વજન મુંઝવણનું કેન્દ્ર બને છે ત્યારે નિયમિત રીતે વજન મપાવવાનું જરૂરી બન્યું છે ત્યારે નગરની ફુટપાથ પર પેટીયું રળવા શ્રમિક વજનકાંટાનો આશરો લઈ સૌના વજન માપી પરિવારનું ગુજરાન ચલાવે છે....

ગાંધીનગર, તા.૧૦

વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશની ચુંટણીઓની હવે વૈશ્વિક કક્ષાએ નોંધ લેવાઈ રહી છે. વિકસીત દેશોની નજર ભારતમાં હવે કોની સરકાર રચાય છે તેના પર છે. ચુંટણીની મોસમમાં દરેક નાના મોટા પક્ષ, ઉમેદવારો પોતાનો ચુંટણી ઢંઢેરો જાહેર કરી રહ્યા છે ત્યારે સમગ્ર ભારતમાં જેની ચર્ચા છે તે નરેન્દ્ર મોદી જયાં રહે છે તે ગાંધીનગરના સામાન્ય વસાહતીઓની શું શું અપેક્ષા સાંસદ પાસે છે તે મેનીફેસ્ટોના રૂપમાં અહીં પ્રસ્તુત છે.

ગાંધીનગરના વસાહતીઓ હંમેશા સારા મતદાર રહ્યા છે. અહીં મતદાનની ટકાવારી ઉંચી રહે છે. છેલ્લી કેટલીય ટર્મથી ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને ગાંધીનગરાઓએ ખોબે ખોબા ભરીને મત આપ્યા છે અને સંસદમાં ગરિમાપૂર્ણ સ્થાન આપ્યું છે. ચૂંટણી બાદ કયારેય ગાંધીનગરમાં ડોકાતા નહોવા છતાં અડવાણી પ્રત્યેનો ગાંધીનગરાઓનો પ્રેમ યથાવત રહ્યો છે. એક પક્ષીય પ્રેમીની જેમ પ્રેમ કરતા ગાંધીનગરના મતદારો હવે તેમના સાંસદ પાસેથી કેટલીક અપેક્ષાઓ ચોકકસ રાખે છે. તેઓને હાંસિયામાં ધકેલાઈ રહેવું ગમતું નથી. ગાંધીનગરના સાંસદ પાસે ગાંધીનગરના મતદારો સૌથી મોટી અને પહેલી અપેક્ષા રાખી રહ્યા છે રેલવે અને રેલવે સ્ટેશનો વિકાસ. નગરની સ્થાપના થયે દાયકાઓ વિતી ગયા પરંતુ શહેર અને જિલ્લાના નાગરિકોને આજે પણ રેલવેની સુવિધા માટે અમદાવાદ પર આધાર રાખવો પડે છે. શહેરની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓના અવિરત પ્રયાસ બાદ શહેરને રેલવેની કેટલીક સુવિધાઓ મળી છે પરંતુ તે જાણે માત્ર નામ પુરતી છે. અન્ય રાજયોના પાટનગરની

● અનુસંધાન પાન-૭ પર



## દેશના ૧૦૦ સ્થળોએ નરેન્દ્ર મોદી આજે ૩ ડી ટેકનોલોજી સભા સંબોધશે

ગાંધીનગર, તા. ૧૦

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આવતીકાલે ૩ ડી ટેકનોલોજી દ્વારા દેશના ૧૦૦ સ્થાનો પર સભા સંબોધશે. જેમાં ગુજરાતની ૯ લોકસભા મત વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

નરેન્દ્ર મોદી ગત ૬ઠ્ઠી એપ્રીલના રોજ દેશના ૧૦૦ સ્થળોએ ૩ડી દ્વારા સભા સંબોધવાના હતા, પરંતુ ટેકનીકલ કારણોસર આ દિવસે સભાઓ મોકુફ રાખવામાં આવી હતી.

આવતીકાલ તા. ૧૧ મી એપ્રીલના રોજ નરેન્દ્ર મોદી દેશના ૧૦૦ સ્થળો પર ૩ ડી સભા સંબોધશે. દેશમાં ભ્રષ્ટાચાર અને મોંઘવારીનો પર્યાય બનેલી કોંગ્રેસને હાંકી કાઢવા લગલગાટ જનસભાઓ સંબોધતા નરેન્દ્ર મોદી આધુનિક પ્રચાર ટેકનોલોજીના માધ્યમ થકી કોંગ્રેસ મુક્ત ભારતની હાકલને જન જન સુધી પહોંચાડશે અને લાખ્ખો દેશવાસીઓને ૩ડી સભા થકી સંબોધશે.

ગુજરાતમાં આવતીકાલે સાંજે ૬ થી ૮ના સમય દરમ્યાન નવ લોકસભા મત વિસ્તારો જેમાં અમદાવાદ પૂર્વ, ગાંધીનગર, રાજકોટ, બનાસકાંઠા, આણંદ, સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ લોકસભા બેઠક પર નક્કી કરેલ સ્થળોએ ૩ ડી સભા યોજાશે.

શ્રદ્ધા કે અંધશ્રદ્ધા - ગાંધીનગર જેવા ૯૮ ટકા શિક્ષિત નગરનું જનજીવન શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેની નાનકડી ભેદરેખાને પારખી શકતું નથી... હજુ પણ ગાંધીનગરના અનેક સેકટરોમાં શ્રદ્ધાના નામે અંધશ્રદ્ધાનો ધિખતો ભાવનાત્મક વેપાર ચાલે છે... બાધા-આખડીઓના ટેકણે સમાજ જીવન ખાનગી-ખાનગીમાં પણ ચાલતું દેખાય છે... નગરના રાજમાર્ગો પર વિવિધ પ્રકારના માદળિયા, માળા, ધોરા-ધાગા વેચનારાઓની સંખ્યા પણ નોંધપાત્ર થતી જાય છે...



(તસવીર : કશ્યપ નિમાવત)

## બોર્ડ પરીક્ષાના સંવેદનશીલ કેન્દ્રોની ટી.વી. ફુટેજ તપાસવામાં આવશે

### જિલ્લાના ૧૭ કેન્દ્રો પર કેમેરા ગોઠવી ૧૪૦ સીડી તૈયાર કરવામાં આવે છે : ગેરરિતીના કિસ્સામાં પગલા લેવાશે

ગાંધીનગર, તા.૧૦

ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહની બોર્ડ પરીક્ષા દરમિયાન જિલ્લાના સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો પર સી.સી. ટીવી કેમેરાથી વોચ રાખવામાં આવી હતી. ૧૭ જેટલા સંવેદનશીલ કેન્દ્રોની ૧૪૦ સીડીઓનું બોર્ડ કક્ષાએ ખાસ નિરીક્ષણ કરવામાં આવશે જેના અંતે કોઈ પણ પ્રકારની ગેરરિતી માલુમ પડશે તો સંબધિત વર્ગ નિરિક્ષક વિદ્યાર્થીઓ તેમજ શાળા વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે સ્કૉવોર્ડની ટીમો ઉપરાંત જિલ્લાના સંવેદનશીલ કેન્દ્રો પર

● અનુસંધાન પાન-૭ પર

# ઈમ્પેકટની ફીની અરજીઓ રદ થતા વેપારીઓમાં ભારે રોષ

## સે-૧૭ના બગીચામાં આજે વસાહતીઓ અને વેપારીઓની બેઠક : વિશેષ કાર્યક્રમો યોજવા ચર્ચા વિચારણા હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં કોમર્શિયલ અને રહેણાંક વિસ્તારોમાં બાંધકામને અનુલક્ષી ઈમ્પેકટ ફીની અરજીઓ રદ કરવામાં આવતા વેપારી હિત રક્ષક સમિતિએ ગુડા સામે ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો છે. ઈમ્પેકટ ફીની અરજીઓ રદ કરવાની નોટીસો સંદર્ભે રોષે ભરાયેલા વેપારીઓ આગામી દિવસોમાં વિશેષ કાર્યક્રમો હાથ ધરશે. આ મામલે આજે સે-૧૭ સ્થિત બગીચામાં સવારે ૧૧ કલાકે એક બેઠક પણ યોજવામાં આવનાર છે.

શહેરમાં સ્થિત ગેરકાયદેસર બાંધકામોને રેગ્યુલર કરવા માટે ઈમ્પેકટ ફીના કાયદા હેઠળ અગાઉ રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારના અરજદારોએ અગાઉ ગુડાના તંત્ર સમક્ષ અરજીઓ રજૂ કરી હતી. પંરતુ લાંબા સમયના અંતે ગુડા દ્વારા રહેણાંક વિસ્તારના કોમર્શિયલ બાંધકામોવાળા કોમ્પ્લેક્ષો તેમજ રહેઠાણ વિસ્તારોની ઈમ્પેકટ ફી ની અરજીઓ રદ કરવાની નોટીસો આપવામાં આવતા વેપારીઓ અને વસાહતીઓ આગ બબૂલા બન્યા છે આ મામલે ગાંધીનગર વેપારી હિત રક્ષક સમિતિ દ્વારા પણ ઉગ્ર વિરોધ વ્યકત કરવામાં આવ્યો છે.

સમિતિના સભ્યના જણાવ્યા મુજબ ઈમ્પેકટ ફીની અરજી સ્વીકાર્યા બાદ ગુડાએ કાયદાનો યોગ્ય ઉપયોગ કર્યો નથી. ઈમ્પેકટ ફીના મામલે વેપારીઓ અને વસાહતીઓ દ્વારા આગામી દિવસોમાં જલદ કાર્યક્રમો યોજવામાં આવશે આ મામલે આજે સે-૧૭ના બગીચામાં વેપારીઓ, ડોકટર્સ તેમજ વસાહતીઓની એક બેઠક પણ યોજવામાં આવશે.

સાતમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. જેઠાલાલ ગિરિજાશંકર રાવલ
સ્વર્ગવાસ તા. ૧૧મી એપ્રિલ ૨૦૦૭

અમારા જીવનના ઘડવૈયા તમે,
તમારા સંસ્કારોથી શોભતા અમે,
સંઘર્ષ તમે કર્યો, સુખ અમને મળ્યું,
કર્મ તમે કર્યા, ફળ અમને મળ્યાં,
કોઈ કહે પૂણ્ય કમાઈ ગયા,
કોઈ કહે સુવાસ ફેલાવીને ગયા,
અમે તો કહીશું, અમારા સર્વસ્વ ગયા,
જીવન એવું જીવ્યા કે જોનારા સૌ જોયા કરે,
કર્મ સદા એવાં કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
વ્યવહાર કદી ચૂકયા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં
સુખદુઃખમાં સતત હસતા રહ્યા.

પ્રભુ આપના દિવ્ય, સત્કર્મી, પૂણ્યશાળી, ધર્મિષ્ઠ, પરોપકારી આત્માને સદ્‌ગતિ અને ચિરશાંતિ અર્પે એજ અભ્યર્થના.

તમારા અમે સૌ.
ગં.સ્વ. કૈલાસબેન જે. રાવલ
નરેન્દ્ર રાવલ (પુત્ર) — અશોક રાવલ (પુત્ર)
જ્યોત્સ્ના રાવલ (પુત્રવધુ) — સંગીતા રાવલ (પુત્રવધુ)
વિરેન રાવલ (પૌત્ર) — કેયુર રાવલ (પૌત્ર)
સ્મિતા રાવલ (પૌત્ર વધુ) — ચિન્મયી રાવલ (પૌત્ર વધુ)
ક્રિશા રાવલ (પ્રપૌત્રી) — શ્લોક રાવલ (પ્રપૌત્ર)
માલા રાવલ, (પૌત્રી), આશિષ રાવલ (જમાઈ), વિધી રાવલ (પ્રપૌત્રી)
સ્વ. નર્મદાબા ગિરિજાશંકર રાવલ પરિવાર



ચૈત્રી પૂનમ - ચૈત્રી પૂનમે મા-બહુચરાજીના દર્શને પગપાળા સંઘની પ્રસ્થાન સમયની તસવીરમાં જુદા જુદા વિસ્તારમાંથી ધજા લઈને ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. પગપાળા સંઘનું પ્રસ્થાન બેન્ડવાજાની સુરાવલીઓ વચ્ચે કરવામાં આવ્યું હતું.

## સે-૧૬માં માહિતી પ્રસારણ વિભાગના ભવનનું કામ જુલાઈમાં પૂર્ણ થશે

### ૫ કરોડના ખર્ચે બે મજલાનું અદ્યતન બિલ્ડીંગ તૈયાર થઈ રહ્યું છે : આધુનિક સ્ટુડીયો રૂમ પણ બનશે

ગાંધીનગર, તા.૧૦

સે-૬ ખાતે માહિતી પ્રસારણ વિભાગનું નવું ભવન તૈયાર થઈ રહ્યું છે. રૂ. ૫ કરોડના ખર્ચે તૈયાર થનારા આ બે મજલાના ભવનમાં સ્ટુડીયો રૂમ ઉપરાંત અદ્યતન ઓફિસ રૂમો બનાવાશે. આગામી જુલાઈ મહીનામાં ભવન નિર્માણની કામગીરી પૂર્ણ કરી દેવાશે.

સે-૧૬માં નવું ઈલેકટ્રોનિક મીડીયા ભવન બાંધવામાં આવી રહ્યું છે. માહિતી પ્રસારણ વિભાગની અદ્યતન ઓફિસ તૈયાર કરવા ભવનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. હાલ અદ્યતન બિલ્ડીંગના અભાવે વિભાગના અધિકારી અને કર્મચારીઓને પારાવાર હાલાકી વેઠવી પડે છે જેને ધ્યાને લઈ 'ગ' માર્ગને અડીને સે-૧૬માં મીડીયાભવન તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ ભવનનું કામ ગત જુલાઈ મહિનામાં શરુ કરવામાં આવ્યું હતું. બે મજલાના અદ્યતન ભવનમાં આધુનિક સ્ટુડીયો રૂમ તેમજ ઓફિસ સુવિધાઓ પુરી પાડવા રૂમો બાંધવામાં આવશે. ૩૨૦૦ ચોમી વિસ્તારમાં ભવન સંકુલમાં પાર્કીંગની સુવિધા પણ ઉભી કરવામાં આવશે. આગામી જુલાઈ મહીનામાં ભવનની કામગીરી પૂર્ણ કરી દેવાશે. આ કાર્ય યોજના પાછળ રૂ. ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે ભવનનું બાંધકામ પૂર્ણ થયા બાદ કોર્પોરેટ લુક આપવા ફર્નિચરનું કામ પણ હાથ ધરાશે. નવું ભવન તૈયાર થયા બાદ માહિતી પ્રસારણ વિભાગના અધિકારીઓને આ જગ્યાએ ઓફિસ ફાળવવામાં આવશે.

## મોદીના વૈવાહિક દરજ્જા અંગે શહેરમાં ટોક ઓફ ધ ટાઉન

ગાંધીનગર, તા. ૧૦

સચિવાલયની કેન્ટીનો સહીત શહેરમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉમેદવારી પત્ર સાથે કરેલી એફીડેવીટમાં પત્ની જશોદાબેનના નામનો ઉલ્લેખ કર્યાની ઘટના ટોક ઓફ ધી ટાઉન બનવા પામી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના લગ્ન થયેલ છે અને તેમના પત્નીનુ નામ જશોદાબેન છે. એ વાતને લઈને ઘણા વર્ષોથી ચર્ચાઓ ચાલતી હતી જો કે આ ચર્ચા ઉપર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કયારેય બોલ્યા ન હતા. અગાઉ ચૂંટણીઓમાં પણ



મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભરેલા ઉમેદવારી પત્રો સાથે રજુ કરેલી એફીડેવીટોમાં પણ લગ્નસાથીની કોલમ ભર્યા વગર ખાલી રાખી હતી.

ગઈકાલે નરેન્દ્ર મોદીએ બરોડા લોકસભા બેઠક પરથી પોતાનું ઉમેદવારી પત્ર ભર્યુ તેની સાથે રજુ કરેલી એફીડેવીટની લગ્નસાથીની કોલમમાં જશોદાબેનના નામનો ઉલ્લેખ કરીને પત્ની હોવાનો એકરાર કરતા વિવાદ સર્જાયા છે.

આજે સચિવાલયની કેન્ટીનોમાં પણ કર્મચારીઓ ચા ની ચુસ્કીઓ લઈને નરેન્દ્ર મોદી વિવાહીત હોવાના મુદ્દાને લઈને ચર્ચાઓ કરતાં નજરે પડતા હતા. સચિવાલયની કેન્ટીનો ઉપરાંત શહેરમાં પણ ચોરે ને ચૌટે આજે માત્ર એક જ મુદ્દાને લઈને લોકો ચર્ચાઓ કરતા આ મુદ્દો આજે ટોક ઓફ ધી ટાઉન બનવા પામ્યો હતો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com